# ડીસાના જોરાપુરા નજીક હિટ એન્ડ રનની ઘટનામાં રાહદારી વિદ્યાર્થિનીનું મોત

## બે બાળકીઓ ગંભીર : ત્રણ બાળકીઓને ટક્કર મારી અજાણ્યો જીપચાલક ફરાર થઇ જતાં લોકોમાં આક્રોશ





ડીસા, તા.૨૬

બનાસકાંઠાના ડીસા તાલુકાના જોરાપુરા ગામ નજીક મંગળવારે બપોરે હીટ એન્ડ રનની ઘટનામાં શાળાએથી છૂટીને ઘર તરફ જઈ રહેલી ત્રણ વિદ્યાર્થીનીઓ અકસ્માતનો ભોગ બની છે. જેમાં એક બાળકીનું કરુણ મોત નિપજતા અરેરાટી મચી ગઈ છે.આ ઘટનાનો ભોગ બનેલી અન્ય બે બાળકીઓની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

બનાસકાંઠા જીલ્લામાં હીટ એન્ડ રનની વધતી જતી ઘટનાઓ વચ્ચે ગતરોજ આવી વધુ એક ઘટના બની છે. ડીસાથી થરાદ તરફ જતા રોડ પર આવેલા જોરાપુરા ગામ નજીક મંગળવારે બપોરના સમયે શાળાએથી છૂટીને ઘર તરફ જઈ રહેલી ત્રણ માસુમ વિદ્યાર્થીનીઓને થરાદ તરફથી આવી રહેલી જીપના ચાલકે જોરદાર ટક્કર મારતા આ ત્રણેય વિદ્યાર્થીનીઓને ગંભીર ઈજાઓ થઈ હતી. આ અકસ્માત બાદ જીપ ચાલક જીપ સાથે ફરાર થઈ ગયો હતો. જોકે બાદમાં ડીસાના આર.ટી.ઓ. સર્કલ નજીકથી આ જીપ બિનવારસી હાલતમાં મળી આવી હતી.

દરમ્યાન, આ અકસ્માતનો ભોગ બનેલી જોરાપુરા ગામની ૧૫ વર્ષીય અંજલીબેન ગીરધરજી ઠાકોર, શીતલબેન શ્રવણજી ઠાકોર અને હેતલબેન સાલજીજી ઠાકોરને ગંભીર ઈજાઓ થતા ત્રણેય વિદ્યાર્થીનીઓને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.જોકે આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી અંજલીબેન ગીરધરજી ઠાકોરની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે મહેસાણા ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી.જે દરમ્યાન અંજલિબેન ઠાકોરે દમ તોડી દેતા અરેરાટી મચી ગઈ હતી.આ અરેરાટીભરી ઘટના અંગે ડીસા તાલુકા પોલીસે ધોરણસરનો ગુન્હો નોંધી ફરાર જીપચાલકની શોધખોળ હાથ ધરી છે.

# પાલનપુરમાં ફાયરીંગ કેસમાં હોટલના સંચાલક સામે કાર્યવાહી

પાલનપુર, તા.૨૬

પાલનપુર- ડીસા હાઈવે ઉપર ન્યૂ રામઝૂંપડીમાં તાજેતરમાં થયેલા ફાયરીંગ કેસમાં માલણ ગામના યુવકનું મોત નિપજ્યું હતુ. ઘટના બની તે સમયે હોટલના સીસીટીવી કેમેરા બંધ હતા. દરમિયાન આ હોટલમાં કામ કરતાં શ્રમિકો અંગે પણ પોલીસને કોઈ માહિતી આપવામાં આવી ન હોઈ પશ્ચિમ પોલીસ દ્વારા હોટલના સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**હોટલના શ્રમિકોની માહિતી પોલીસને ન આપતા કાર્યવાહી**

પાલનપુરની યુવતી દ્વારા બ્લેક મેઈલના વરવા ખેલમાં તાજેતરમાં માલણ ગામના લશકરભાઈ મીરની પાલનપુર-ડીસા હાઈવે નજીક આવેલી હોટલ ન્યૂ રામ ઝૂંપડીમાં નિર્મમ હત્યા થઈ હતી. આ ગૂનાના આરોપીઓ હજુસુધી પોલીસને હાથ આવ્યા નથી. દરમિયાન ઘટનાસમયે આ હોટલના સીસીટીવી કેમેરા બંધ હતા. આ ઉપરાંત હોટલમાં રાખવામાં આવેલા શ્રમિકો અંગેની માહિતી પણ પોલીસને ન આપી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હોઈ પશ્ચિમ પીઆઈ આર. કે. સોલંકીની સૂચનાથી સ્ટાફના એએસઆઈ ભરતપુરીએ હોટલના સંચાલક મુળ થરાદ તાલુકાના રાબડી પાદર ગામના અને હાલ પાલનપુરની દેવપુરા ખોડીયાર નગર સોસાયટીમાં રહેતા વિજયભાઈ મનુભાઈ જોષીની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીના પગલે હોટલોમાં સીસીટીવી કેમેરા ન રાખતા તેમજ શ્રમિકો અંગે પોલીસને જાણ ન કરતાં હોટલના સંચાલકોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

# અરવલ્લી જીલ્લા પંચાયતમાં મોડાસા તાલુકાના કોંગ્રેસના સદસ્યોને હોદ્દામાં ન્યાય મળશે કે અન્યાય થશે

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લા પંચાયતમાં સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસનો દબદબાભેર વિજય પહેલા અઢી વર્ષ સત્તાના શાસનમાં મોડાસા તાલુકાની જિલ્લા પંચાયત સીટ પરથી વિજેતા બનેલા ૩ સદશ્યોની ઉપેક્ષા કરવામાં આવી હોય તેમ મહત્વની સમિતિ અને ખાતાઓના હોદ્દાઓથી દૂર રાખવામાં આવ્યા હતા. ફરીથી અઢી વર્ષ માટે જિલ્લા પંચાયત પર કોંગ્રેસ સત્તા પર છે ત્યારે મોડાસા તાલુકામાંથી ચૂંટાયેલા જિલ્લા પંચાયત સદશ્યોને સત્તાની ભાગીદારીમાં મહત્વની સમિતિ અને હોદ્દાઓ સોંપવામાં આવશે કે નહિ તેવી ચર્ચા ટોક ઓફ ધી જિલ્લો બની છે.

અરવલ્લી જીલ્લા પંચાયતમાં મોડાસા તાલુકાની ૫ સીટમાંથી ૩ સીટ પર કોંગ્રેસના સદશ્યો વિજય બનવાની સાથે જીલ્લા પંચાયત પણ કોંગ્રેસે કબ્જે કરી હતી. જીલ્લા પંચાયતની સમિતિ અને ખાતાની વહેંચણીમાં ત્રણેય ઉમેદવારોની ઉપેક્ષા કરતા સમસમી ઉઠ્યા હતા હતું પણ પક્ષનો આદેશ શિરોમાન્ય રાખ્યો હતો. અઢી વર્ષ પ્રમુખ પદની મર્યાદા પૂર્ણ થતા તોડજોડની

વિધાનસભાની ચૂંટણીમાં બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ કોંગ્રસમાંથી રાજીનામુ આપ્યા બાદ જિલ્લાના રાજકારણમાં ઉથલપાથલ જોવા મળી હતી અને જીલ્લા પંચાયતમાં




રાજનીતિથી દૂર રહી ફરીથી કોંગ્રેસે જીલ્લા પંચાયત પર સત્તા હાસલ કરતા જીલ્લા પંચાયતમાં સમિતિની રચના અને ખાતાઓની વહેંચણી પણ નવેસરથી થશે. ત્યારે મોડાસા તાલુકાના ૩ જીલ્લા પંચાયતના સદશ્યોને મહત્વની સમિતિ અને ખાતાઓમાં સ્થાન મળશે કે પછી કોંગ્રેસ દ્વારા ઉપેક્ષા કરવામાં આવશે તેવી ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી. મોડાસા તાલુકાના કોંગ્રેસને મત આપનાર મતદારો પણ તેમના સદશ્યને મહત્વ મળે તેવું ઈચ્છી રહ્યા છે.

પણ બળવો થવાની સંભાવનાઓની ઘડીઓ વચ્ચે પણ મોડાસા તાલુકાના ત્રણેય જીલ્લા પંચાયતના સદશ્યો કોંગ્રેસ પડખે ઉભા રહ્યા હતા અને બળવો ખાળવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી જીલ્લા પંચાયત તૂટતી બચાવી હતી કોંગ્રેસ પક્ષ અને પક્ષના આદેશને સમર્પિત રહેનાર ત્રણેય જીલ્લા પંચાયત સદશ્યોને ખાતાઓની વહેંચણી અને મહત્વના હોદ્દાઓ મળશે કે પછી પક્ષ દ્વારા અવગણના થશે તે આગામી સમયમાં જોવું રહ્યું.

# ગંદા પાણીના ત્રાસથી મહિલાઓ બની રણચંડી

## મૌલેશ સોનીની આગેવાનીમાં મહિલાઓ દ્વારા ગંદા પાણીના મુદ્દે નગરપાલીકામાં હલ્લાબોલ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર નગરપાલીકાના પૂર્વ વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ અંગ્રણી મૌલેશ સોનીની આગેવાનીમાં પોલોગ્રાઉન્ડ-ચાંદનગર-મહેતાપુરા-વ્હોરવાડ તથા બગીચા વિસ્તારની આશરે ૨૦૦થી વધુ મહિલાઓ પીવાના દુષિત પાણીના મુદ્દે આજરોજ સાંજે ચાર કલાકે હિંમતનગર નગરપાલીકામાં ધસી આવી ભારે સુત્રોચ્ચાર કરી પ્રમુખની ચેમ્બરમાં રીતસર હલ્લાબોલ કરી હતી. મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરોને જોઈ નગરપાલિકા પ્રમુખ પોતાની ચેમ્બર છોડી રીતસર ફરાર થઈ ગયા હતા. ત્યારે પ્રમુખની ચેમ્બરમાં નગરપપાલીકાના ચીફ ઓફીસર તથા વોટર વર્કસ કમિટીના ચેરમેનને કોંગ્રેસી કાર્યકરોએ ઘેરી લીધા હતા. ત્યારે સૂત્રોચ્ચાર કરતા નગરપાલીકાના ચીફ ઓફીસરને



આવેદનપત્ર સ્વીકારવાની ફરજ પાડવામાં આવી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર હિંમતનગર શહેરમાં છેલ્લા આઠ-દસ મહિનાથી પીવાનું પાણી ડહોળુ તથા દુર્ગંધ મારતુ આવે છે. પાણીનુ પ્રેસર ખૂબજ ઓછા પ્રમાણમાં આવે છે. દુષિત પીવાના પાણીના લીધે ઘણા લોકોને શારીરીક તકલીફો થઈ છે. પાલીકામાં વારંવાર રજુઆતો કરવા છતા સત્તાધીશો દ્વારા કોઈપણ જાતના અસરકારક પગલા લેવામાં આવેલ નથી.

નગરપાલીકા દ્વારા આગામી દસ દિવસમાં આ સમસ્યાનો નિકાલ કરવામાં નહી આવે તો નગરપાલીકાને તાળા મારવાનો કાર્યક્રમ આપવામાં આવશે તેવી મૌલેશ સોનીએ ચીફ ઓફીસરને ચેતવણી આપી હતી.

નગરપાલીકાના વિરોધ પ્રદર્શનમાં પૂર્વ વિરોધપક્ષ નેતા મૌલેશ સોની, ગજેન્દ્રસિંહ રહેવર, યુસુફભાઈ બચ્ચા, કોર્પોરેટરો રહીશબાનુ પઠાણ, ઈમરાન બાદશાહ, નિર્મળા પંચાલ, જુબેદા પઠાણ, ઈશ્વર દેસાઈ, જ્યોતિબેન દવે, પ્રિયવદન પટેલ, જ્યોતિબેન દવે, કાદીર ડોઈ, કુમાર ભાટ, મનીષ ભાલોડીયા, ગીરીશ પંચાલ તથા મહિલાઓ કોંગ્રેસી હોદ્દેદારો તથા કાર્યકરો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મા ખાતે કાનૂની શિબિર યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકા કાનૂની સેવા સમિતી દ્વારા આજે એન્ટી ડ્રગ્સ ડે નિમિત્તે ખેડબ્રહ્માની શેઠ કે.ટી હાઈસ્કૂલમાં ખેડબ્રહ્મા કોર્ટના પ્રિન્સિપાલ સિવીલ જજની અધ્યક્ષતામાં કાનૂની શિબિર યોજાઈ ગઈ.

દિનપ્રતિદિન કેટલાક આધેડ વયના લોકો વિવિધ પ્રકારના નશા પાછળ જ રહે છે. તેની નકારાત્મક અસર તેના ઘર, સમાજ તથા જાહેર જીવનમાં પડે છે. તેની દેખાદેખીમાં વર્તમાન ઉગતી પેઢી પણ તેની નકલ કરે છે. તેને ઉગતી જ ડામી દેવા માટે આજે ખેડબ્રહ્માની શેઠ કે.ટી. હાઈસ્કૂલમાં એન્ટી ડ્રગ્સ ડે નિમિત્તે એક કાનૂની શિબિર યોજાઈ ગઈ. અત્યારે વર્તમાન પેઢી કોઈપણ જાતના નશાને રવાડે ના ચઢે તેના માટે કોર્ટના કાયદા, તેની સજા, તેના ગેરફાયદા વિશે ઉપસ્થિત વિદ્યાર્થીઓને ખેડબ્રહ્મા કોર્ટના પ્રિન્સિપાલ સિવીલ જજ જે.વી. પરમારે જણાવ્યું હતું.

કાનૂની શિબિરમાં ખેડબ્રહ્મા બાર એસોસિયેશનના ઉપપ્રમુખ જે.બી. સુથાર, સિનીયર ધારાશાસ્ત્રી આર.આર. જાની તથા હાઈસ્કૂલના સુપરવાઈઝ કપીલભાઈ જાનીએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ.

# હાથરવા પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને તિથી ભોજન અપાયુ

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના હાથરવા પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને તિથી ભોજન અપાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.તિથી ભોજનના દાતા વાસુભાઈ ચતુરભાઈ પટેલ તરફથી તિથી ભોજન વિદ્યાર્થીઓને અપાયુ હતું.હાથરવા પ્રાથમીક શાળાના બીપીનભાઈ પંડ્યા,સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યા હતા.

# બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવાયો

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવાયો હતો.બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરાઈ હતી.

# મોડાસા સ્મશાનમાં ખુલ્લા વીજતારથી ડાઘુને વીજકરંટ લાગતા ગંભીર

## વીજકરંટનો ભોગ બનેલ ડાઘુને બચાવવા જતા અન્ય ૨ ડાઘુ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા નગરપાલિકા તંત્ર અને મહાજન મંડળ કોઈને કોઈ કારણોસર ચર્ચામાં રહે છે. મોડાસાના પ્રજાજનો દ્વારા ફંડ ફાળો આપી મોડાસાના સ્મશાનનો વહીવટ મહાજન મંડળને સોંપવામાં આવ્યો છે. મહાજન પોલીસતંત્ર તાબડતોડ દોડી આવ્યા હતા. સ્મશાનયાત્રામાં જોડાયેલા ડાઘુઓનો મહાજન મંડળ સામે ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો.

મોડાસા શહેરના ભાવસાર સમાજના જયંતીભાઈની સ્મશાનયાત્રામાં મોડાસા શહેરના અને જીલ્લાના ભાવસાર સમાજના અગ્રણીઓ જોડાયા હતા અને

સમગ્ર ઘટનાથી સ્મશાનયાત્રામાં જોડાયેલા ડાઘુઓ અને શહેરીજનોએ ઉગ્ર રોષ મહાજન મંડળ પર ઠાલવ્યો હતો. વીજકરંટથી ડાઘુ ઈજાગ્રસ્ત થતા વીજતંત્રના અધિકારીઓ અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવી ડાઘુઓનો રોષ ઠારી વીજતારનું સમારકામ હાથ ધરી પોલીસે





મંડળ દ્વારા સ્મશાનયાત્રામાં મરામત ન થતા અને ઘોર બેદરકારી દાખવવામાં આવતા તેનો ભોગ એક ડાઘુ બનતા ચકચાર મચી હતી. ભાવસાર સમાજના અગ્રણીની સ્મશાનયાત્રામાં જોડાયેલા ડાઘુને સ્મશાનમાં લગાવેલ લાઈટના ખુલ્લા વીજતારની ફેંન્સીંગ અને ગ્રીલ અને પાણી ભરાયેલ ખાબોચિયામાં પડેલા હોવાથી વીજપ્રવાહ ચાલુ હોવાની અજાણતાના પગલે અડકી જતા વીજ કરંટ લાગતા ચોંટી જતા શરીરમાં વીજ કરંટ ઉતારતા ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા અને હાલ આધેડ ડાઘુ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. આધેડને બચાવવા જતા અન્ય બે ડાઘુઓ પણ ઈજાગ્રસ્ત બન્યા હતા. વીજકરંટની ઘટનાના પગલે મહાજન મંડળના હોદેદારો, વીજ કચેરીના અધિકારીઓ અને સ્મશાને પહોંચતા સ્મશાનમાં લાઈટ માટે લગાવેલ વીજતાર સોમવારે પવન સાથે પડેલ વરસાદના પગલે તૂટી ફેંન્સીંગ તારની વાડ અને ગ્રીલ સહીત પાણીના ભરાયેલ નાના ખાબોચિયામાં ખુલ્લા પડી રહેતા અને કર્મચારીની ઘોર બેદરકારી દાખવતા વીજપ્રવાહ ચાલુ રાખતા સ્મશાનયાત્રામાં જોડાયેલ રણાસણ ગામના રસિકલાલ મોહનલાલ ભાવસાર નામના ડાઘુને વીજ કરંટ લાગતા વીજ વાયર સાથે ચોંટી જતા વીજકરંટ શરીરમાં ઉતારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને બચાવવા જતા અન્ય બે ડાઘુઓ પણ વીજકરંટ થી ઈજાગ્રસ્ત બન્યા હતા ગંભીર ઈજાગ્રસ્ત ડાઘુને નજીકની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ખસેડાયા અને હાલ વેન્ટિલેટર પર હોવાના અને જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા હોવાનું ઈજાગ્રસ્ત ડાઘુના પરિવારજનોએ જણાવ્યું હતું.

જાણવાજોગ અરજીના આધારે યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી હતી.

મહાજન મંડળના પ્રમુખ પરમાનંદ દોશીને સ્મશાનમાં સ્મશાનયાત્રામાં જોડાયેલા ડાઘુને વીજ કરંટ લાગતા ગંભીર હોવાની જાણ કરાતા દોડી આવ્યા હતા અને ઉલ્ટા ચોર કોટવાલને ડાટે તેમ લાજવાના બદલે ગાજતા ડાઘુની ભૂલ હોવાની અને ડાઘુએ રોડ પર જોઈને ચાલવું જોઈએ ને તેમ જણાવી આમા મહાજનની બેદરકારી ન હોવાનું જણાવી હાથ ખંખેરી લેતા સ્મશાનયાત્રામાં જોડાયેલ ડાઘુઓમાં ભારે રોષ ફેલાયો હતો.

# પોસ્ટ વિભાગ દ્વારા ઢાઈ અક્ષર પત્રલેખન સ્પર્ધા યોજાશે

ભારતીય ટપાલ વિભાગ દ્વારા ઢાઈ અક્ષર પત્ર લેખન હરીફાઈ રાખવામાં આવેલ છે. જેમાં LATTER TO MY MOTHERLAND મેરે દેશકે નામ ખત Inspired By Ravindranath Tagro,s AMAR DESHER MATI વિષય ઉપર પ્રતિયોગીતા રાખવામાં આવેલ છે. જેના માટે ૩૦ સપ્ટેમ્બર સુધીમાં આ પત્રો ચીફ પોસ્ટ માસ્તર જનલર સર્કલ ઓફિસ અમદાવાદના સરનામે મોકલી આપવાના રહેશે. આ સ્પર્ધા માટે ખાસ લેટરબોક્ષની વ્યવસ્થા કરવામાં આવી છે જેના માટે નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવાનો રહશે. આ પત્રમાં ૫૦૦થી વધુ શબ્દો હોવા જોઈએ નહી. કવર ઉપર ટીકીટ ફરજીયાત લગાવવાની રહેશે. આ સ્પધા બે કેટેગરી જેમકે ૧૮ વર્ષ ઉપર અને ૧૮ વર્ષ નીચે રાખવામાં આવેલ છે તેમ સુપ્રી ઓફ પોસ્ટ ઓફીસીસ મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# હિંમતનગરમાં બંધ મકાનમાંથી ૪૭ હજારની ચોરી થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ એક બંધ મકાનમાંથી સોમવારે વહેલી પરોઢે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેસ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી અંદાજે રૂ. ૪૭,૩૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે મકાન માલિકે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસમથકમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ એલઆઈસી સોસાયટીમાં રહેતા શીરીનબાનુ મહોમદયુનુસ કુરેશીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ રવિવારે અને સોમવારે તેમનું મકાન બંધ હતુ ત્યારે અજાણ્યા શખ્સોએ બંધ મકાનમાં પ્રવેશ કરી તીજોરી ખોલી તેમાંથી સોના-ચાંદીના દાંગીના, પિત્તળના રમકડા તથા રૂ. ૧૫ હજાર રોકડ મળી કુલ રૂ. ૪૭,૩૦૦ની મત્તાની ચોરી કરી ઘરવખરી વેરવિખેર કરીને જતા રહ્યા હતા. જે અંગે શીરીનબાનુ કુરેશીને ખબર પડતા તેમણે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# જેથી ગામની સીમમાં ભેખડ ધસતા ચાર શ્રમિકો દટાયા

## શ્રમિકોને બહાર કાઢી સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા

પાલનપુર, તા.૨૬

અમીરગઢ તાલુકાના જેથી ગામની સીમમાં ટ્રેક્ટરમાં રેત ભરવા જતા ભેખડ ધસી પડતા ૪ શ્રમિકો દટાઈ ગયા હતા. જેઓને બહાર કાઢી સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

જેથી ગામની સીમમાં ટ્રેક્ટરમાં રેતી ભરવા જતા ૪ શ્રમિકો સાથે દુર્ઘટના ઘટી હતી. જેમાં ૪ શ્રમિકો ભેખડ ધસતા દટાઈ ગયા હતા. જેઓને આસપાસના લોકોએ બહાર કાઢી સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડ્યા હતા. જ્યાં તબીબે બે શ્રમિકના પગ તેમજ કમરના ભાગે ફેક્ચર થયું હોવાનું જણાવ્યું હતું. જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.



# ડીસાના પિતૃકૃપા ગેસ્ટહાઉસમાં સફાઈ કામદારનો આપઘાત

## પોલીસે મીડિયાકર્મીઓને કવરેજ કરતા અટકાવતા અચરજ







ડીસા, તા.૨૬

બનાસકાંઠાના ડીસા શહેરમાં ત્રણ દિવસના ટૂંકા ગાળામાં જ આપઘાતની બીજી ઘટના બની છે.ગત રવિવારે ડીસામાં એક રત્નકલાકારે પોતાના ઘરમાં જ ટુંપો ખાઈ આત્મહત્યા કર્યા બાદ ગતરોજ મંગળવારે શહેરના એક નામી ગેસ્ટ હાઉસમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા યુવકે રહસ્યમય સંજોગોમાં ગેસ્ટહાઉસમાં જ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે.

ડીસા શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં આપઘાતની બીજી ઘટના સામે આવી છે.. ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં આવેલા પિતૃકૃપા ગેસ્ટ હાઉસમાં સ્વીપર તરીકે ફરજ બજાવતા સાંડિયા ગામના બલવંતભાઈ કાન્તીલાલ સોલંકી નામના દલિત યુવકે મંગળવારે સવારે ગળે ટુંપો ખાઈ આત્મહત્યા કરી જીવનલીલા સંકેલી લેતા અરેરાટી મચી ગઈ છે.. આ ઘટનાની જાણ થતાં ડીસા ઉત્તર પોલીસની ટીમે પિતૃકૃપા ગેસ્ટ હાઉસ પર દોડી જઈ તપાસ હાથ ધરી હતી.જોકે આ ઘટના ચકચારી હોવા છતાં પોલીસે મીડિયાકર્મીઓને કવરેજ કરવાથી દુર રાખી આ ઘટના અંગે કોઈપણ વિગત જાહેર કરવાનો ઈનકાર કરી દેતા અચરજ સર્જાયું હતું. પોલીસની આવી વકીલાતથી આ રહસ્યમય ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે. ઘટનાસ્થળની આસપાસ થઈ રહેલી ચર્ચા અનુસાર મૃતક યુવકને સોમવારે સાંજે કેટલાક લોકોએ ધમકીઓ આપી હતી.વળી, આ ઘટના બની એ વખતના સીસીટીવી ફૂટેજ પણ હોટલના સીસીટીવી કેમેરામાંથી રહસ્યમય રીતે ડિલિટ થઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.હાલ તો પોલીસે આ ઘટનામાં પુછપરછ માટે હોટલના મેનેજરની અટકાયત કરી છે.જોકે આ સમગ્ર ઘટનાની પ્રાથમિક તપાસ દરમ્યાન પોલીસની કામગીરી શંકાસ્પદ જણાઈ રહી છે. આ સમગ્ર ઘટનામાં મીડિયાને દુર રાખવાની પોલીસને કેમ ફરજ પડી તે બાબત નવાઈ પમાડી રહી છે ત્યારે આ કેસની તપાસમાં પણ પોલીસ ગોદડી ગોટે વાળે તેવી શંકા લોકો વ્યક્ત કરી રહ્યા છે.